રંગોત્સવ - ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલનો વાર્ષિકોત્સવ ઉલ્લાસભર્યા વાતાવરણમાં ટાઉનહોલમાં ઉજવાઈ ગયો. ઉત્સવ થીમ પર યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેશના વિવિધ પ્રદેશોમાં ઉજવાતા ઉત્સવો અને પરંપરાગત સાંસ્કૃતિક વારસાની અભિવ્યક્તિ બાળકોએ રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. **(તસવીર : દિપક જાની)**

જિલ્લાના કાંસ દ્વારા ૧૦ હજાર હેક્ટર જમીનને સિંચાઈનો લાભ

ગાંધીનગર જિલ્લામાં ૨૦૫ કિ.મી.ની લંબાઈના કાંસ છે : છ કાંસમાં નર્મદાનું પાણી નાખવામાં આવી રહ્યું છે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના છ કાંસમાં નર્મદાનું પાણી નાખી પિયત તેમજ પેયજળ માટે કામ લેવામાં આવી રહ્યું છે તેમ રાજ્ય કૃષિમંત્રી શ્રી નાનુભાઈ વાનાણી આજે રાજ્ય વિધાનસભાગૃહમાં પ્રશ્નોત્તરી દરમ્યાન જણાવ્યું હતું.

આજે પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે જિલ્લાના કાંસોની મરામત અને સફાઈ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે ગાયકવાડ સ્ટેટ વખતે આ કાંસ બનાવવામાં આવ્યા હતા અને ત્યારથી લઈ ૨૦૦૦ સુધી કોઈના પણ દ્વારા આ કાંસોની સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી ન હતી. ૨૦૦૨ પછી રાજ્ય સરકારે પોતાના ખર્ચે આ કાંસની સફાઈની કામગીરી હાથ પર લીધી હતી.

રાજ્ય કૃષિ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ૨૦૦૨ અગાઉના વર્ષોમાં ખેડૂતો તેમના ખર્ચે જરૂરિયાત મુજબ આ કાંસની સફાઈ કરાવતા રહ્યા હતા.

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોક પટેલના પૂર્વ પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે નર્મદાનું પાણી કાંસના માધ્યમ દ્વારા પીયજ-ધરોઈ પાઈપલાઈનથી પીયજ અને પ્રતાપપુરા ગામને આપવામાં આવી રહ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં કુલ ૨૦૫ કિલોમીટરની લંબાઈના કાંસ આવેલા છે, વર્ષો પૂર્વે ગાયકવાડ સ્ટેટ વખતે આ કાંસ અસ્તિત્વમાં આવ્યા હતા અને અત્યાર સુધી કોઈપણ સરકારોએ આ કાંસની સફાઈ કરી ન હતી. જળસંપત્તિ અને પાણી પુરવઠા રાજ્યમંત્રીશ્રી નાનુભાઈ વનાણીએ જણાવ્યું હતું કે, વર્તમાન રાજ્ય સરકારે ૧૮૦ કિલોમીટર લંબાઈના કાંસની સફાઈ અને મરામતના કામો હાથ ધર્યા છે અને તેમાંથી ૧૫૦ કિ.મી. લંબાઈના કામો પૂર્ણ થયા છે.

ગાંધીનગર (દક્ષિણ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરના પ્રશ્નનો ઉત્તર આપતાં મંત્રીશ્રી નાનુભાઈ વનાણીએ જણાવ્યું હતું કે, ગાંધીનગરની જમીન સાવ સમતળ છે એટલે થોડો પણ વધુ વરસાદ વરસે કે તરત પાણીનો ભરાવો થઈ જાય છે, પરિણામે ખેતીના પાકને ખૂબ નુકશાન થતું હોવાની ફરીયાદો આવે છે. પાણી ભરાવાને કારણે પાકને નુકશાન પણ થતું હોવાની ફરીયાદો આવતી હતી. પરંતુ કાંસની સફાઈ થતાં પાકને પણ ફાયદો થયો છે.

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર તાલુકામાં ૬૫ કિલોમીટર લંબાઈના કાંસ, કલોલ તાલુકામાં ૮૩ કિ.મી.ના કાંસ અને દહેગામમાં ૫૭ કિ.મી.ના કાંસ આવેલા છે. જે કલોલના ૩૩ ગામોમાં, દહેગામમાં ૧૫ ગામોમાં અને ગાંધીનગર તાલુકાના ૨૭ ગામોમાં કાંસ છે, જેનાથી ૧૦,૦૦૦ હેક્ટર જમીનને ફાયદો થયો છે.

ગાંધીનગર (ઉત્ત૨)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલના પ્રશ્નનો જવાબ આપતાં મંત્રીશ્રી નાનુભાઈ વનાણીએ જણાવ્યું હતું કે, ગાયકવાડ સરકારે આ કાંસ બનાવ્યા ત્યારથી આજ સુધી આ કાંસની સાફસફાઈ થઈ ન હતી. કેટલાક ખેડૂતો પોતાના ખર્ચે કાંસની સફાઈ કરતા હતા. પરંતુ આ રાજ્ય સરકારે કાંસની સફાઈનું કામ હાથ ધર્યું છે.

ધીમે પગલે ઉનાળાનું આગમન

ગાંધીનગર, તા. ૨૭

ઉનાળો હવે ધીમે ધીમે જામી રહ્યો છે. શિયાળાની વિદાય થઈ ચુકી છે અને ઉનાળાની શરૂઆત છે. આજે દિવસનું તાપમાન ૩૧ ડિગ્રી સુધી પહોંચી જતા વસાહતીઓએ ખરી ગરમીનો અનુભવ કર્યો હતો.

વહેલી સવારે ઉગી થતો સૂર્ય અને મોડા શરૂ થતી રાત સાથે ઉનાળાની ઋતુનો પ્રારંભ થયો છે. ઋતુ પરિવર્તનનો ગાળો હવે પુર્ણતાના આરે છે. ઠંડા પવનો હવે બંધ થઈ ગયા છે. દિવસે ફરજીયાત પંખો ચલાવવો પડે તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. ધીમે ધીમે ઉનાળો આકરો બની રહ્યો છે. ફ્રીઝમાં રાખેલી ઠંડી પાણીની બોટલોનો ઉપયોગ વધી રહ્યો છે. ગરમ વસ્ત્રોને આખરે સંકેલીને ગૃહિણીઓએ અભેરાઈ પર ચઢાવી દીધા છે. રાત્રે હજુ ક્યારેક ઠંડા પવનોનો અનુભવ થાય છે. પરંતુ અગાસીમાં કે આંગણામાં ખુરશી નાંખીને બેસવાનો આનંદ આવે છે. ઠંડો પવન હવે રાહત આપે છે. જેમ જેમ દિવસો પસાર થઈ રહ્યા છે. તેમ તેમ ગરમી વધી રહી છે. આજે મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું જ્યારે લઘુત્તમ તાપમાન ૧૬.૫ રહેતા રાત્રે પણ હવે ગરમ વસ્ત્રો વિના બહાર નીકળી શકાય છે. રાત્રે માર્ગો પર વસાહતીઓની વધી રહેલી ચહલપહલ ઉનાળાના આગમનની સાક્ષી છે.

બોર્ડની પરીક્ષા દરમિયાન કેન્દ્રો આસપાસ ઝેરોક્ષ સેન્ટરો બંધ કરાવાશે

ધો. ૧૦માં જિલ્લાના ૩૦૭૧૭ અને ધો. ૧૨ સા. પ્રવાહમાં ૧૨૯૩૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

ગાંધીનગર, તા. ૨૭

આગામી તા. ૭ માર્ચથી શરૂ થનારી બોર્ડ પરીક્ષાના સફળ આયોજનને અનુલક્ષી જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને મળેલી પરીક્ષા સમિતિની બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણયો લેવાયા છે. જેમાં પરીક્ષા કેન્દ્રો પર પોલીસ પહેરો ગોઠવવા ઉપરાંત કેન્દ્રો આસપાસના ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા જાહેરનામુ બહાર પાડવા પણ નિર્ણય લેવાયો છે.

ધો. ૧૦ની પરીક્ષા સંદર્ભે ૭૪ બિલ્ડીંગોમાં કાર્યવાહી હાથ ધરાશે. જિલ્લાના ૩૦૭૧૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

આગામી મહીનામાં પ્રારંભિક સમાહના અંતે ધો. ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થનાર છે. પરીક્ષાની મોસમે દસ્તક દેતા જિલ્લા શિક્ષણતંત્ર પણ જરૂરી પરીક્ષાલક્ષી તૈયારીમાં ગળાડૂબ થયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ધો. ૧૦માં જિલ્લાના ૩૦૭૧૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે જ્યારે ૨૬ કેન્દ્રો અને ૭૪ બિલ્ડીંગ સહિત ૧૦૩૭ બ્લોકમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં પણ ૮ કેન્દ્રો - ૫૮ બિલ્ડીંગ તેમજ ૪૩૪ બ્લોકમાં પરીક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરાશે. ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૨૯૩૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષાને અનુલક્ષી શિક્ષણતંત્ર દ્વારા સ્થાનિક સ્કોર્ડની ૬૦ટીમોતૈયાર કરી દેવાઈ છે. જ્યારે શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષાના સફળ આયોજન માટે ગઈકાલે જિલ્લા પરીક્ષા સમિતિની બેઠકમાં પણ મહત્વના નિર્ણયો લેવાયા હતા. જેમાં શિક્ષણતંત્ર ઉપરાંત પોલીસતંત્રના અધિકારીઓને પણ જરૂરી સૂચનાઓઆપવામાં આવી હતી. પરીક્ષા કેન્દ્રો પર યોગ્ય પોલીસ પહેરો ગોઠવવા ઉપરાંત પરીક્ષા દરમિયાન આસપાસના વિસ્તારમાં ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા પણ જાહેરનામુ બહાર પાડવા નિર્ણય લેવાયો છે.

અમિતાભ પાઠક રાજ્યના નવા પોલીસવડા

ગાંધીનગર, તા. ૨૭

રાજ્યના નવા પોલીસ વડા તરીકે રાજ્ય સરકારે આજે વરિષ્ઠ આઈપીએસ અધીકારી અમિતાભ પાઠકની નિયુક્તિ કરી છે. પોલીસ વડા ચિત્તરંજનસિંઘ વયમર્યાદાને કારણે નિવૃત્ત થતા હોવાથી સરકારે તેમના અનુગામી તરીકે અમિતાભ પાઠકની નિમણુંક કરી દીધી છે.

ગાંધીનગર જિલ્લામાં સાત નવા તળાવ બનશે

બાયસેગના શૈક્ષણિક કાર્યક્રમોના પ્રસારણ પાછળ ૫૬ લાખ રૂ.થી વધુનો ખર્ચ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં વર્ષ-૨૦૧૨-૧૩ના વર્ષ દરમ્યાન સાત તળાવો બનાવવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો તેમ ભાજપના ધારાસભ્ય શ્રી અશોક પટેલના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જળસંપત્તિ મંત્રીશ્રીએ જણાવ્યું છે.

મંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ તળાવો બનાવવા માટેના વર્કઓર્ડર આપી દેવામાં આવ્યા છે અને હાલ આ અંગેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

તેમણે એમ પણ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૦૧૨ સુધીમાં આ તળાવો બનાવવા માટેનો કોઈ ખર્ચ કરાયો નથી. આ અંગેના વર્કઓર્ડર અપાઈ ચુકયા છે.

જિલ્લામાં જળસંગ્રહના કામો માટે અગ્રતા આપવામાં આવી છે અને હયાત તળાવો ઉંડા કરવા માટે અલગથી અભિયાન પણ ચાલી રહ્યું છે જે ઉલ્લેખનીય છે.

● રક્ષાશક્તિ યુનિ.ના અભ્યાસક્રમો

ભાજપના અજય ચોક્સીએ રક્ષા શક્તિ યુનિ.માં ચાલતા અભ્યાસક્રમો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે હાલ આ યુનિ.માં ત્રણ પ્રકારના અભ્યાસક્રમો ચલાવવામાં આવી રહ્યા છે.

રાજ્ય ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ અભ્યાસક્રમોમાં એમ.એ. (ક્રિમીનોલોજી) પોષ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં ઈન પોલીસ સાયન્સ, ડિપ્લોમાં ઈન પોલીસ સાયન્સના અભ્યાસક્રમો છે.

વિધાનસભામાં ગાંધીનગર

પ્રથમ વર્ષ-૨૦૧૦-૧૧માં કુલ ૧૪૧ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા હતા તેમ પણ તેમણે પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.

● ફોરેન્સીક સાયન્સના તાલીમવર્ગ

ભાજપના શ્રી હર્ષ સંઘવીએ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા યોજાયેલ તાલિમ બાબતે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્ય ગૃહમંત્રી શ્રી રજની પટેલે જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં ૩૭ તાલિમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૦૧૧ દરમ્યાન યોજાયેલ તાલિમવર્ગમાં ૪૮૭ તાલિમાર્થીઓ હતા જ્યારે ૨૦૧૨માં ૩૮૧ તાલિમાર્થી હતા.

● સાબરમતી નદીમાં ચેકડેમ તુટવાનો બનાવ

૩૧-૧૨-ની સ્થિતિએ વિજાપુર પાસે આવેલ દેરોલ ગામ નજીક સાબરમતી નદીમાં બનાવાયેલ ચેક ડેમ છેલ્લા એક વર્ષમાં તુટેલ નથી પરંતુ ૨૦૦૫ના પ્રથમ વરસાદમાં તેને નુકશાન થયું હતું.

કોંગીના શ્રી પી.આઈ. પટેલના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જળસંપત્તિ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ ચેકડેમની મરામત પાછળ રૂ. ૮૮.૭૨ લાખનો ખર્ચ થયેલ છે. આ ચેકડેમ હવે નવેસરથી બનાવવા અંગે તાંત્રિક બાબતો ચકાસીને નિર્ણય કરાશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

● શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ

ભાજપના શ્રીમતિ નિર્મલાબેન વાઘવાણીએ બાયસેગ સંસ્થાના એજ્યુલેટના ઉપીયોગથી શૈક્ષણિક કાર્યક્રમોના કરાયેલ પ્રસારણ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પ્રાદ્યોગિકીમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૨૦૧૨-૧૩ના વર્ષ દરમ્યાન ૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ ૮૭૫ કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવ્યું છે.

આજે વિજ્ઞાન દિવસ

ગાંધીનગર શહેરના સે. ૪માં રહેતા અજય પંચાલ કે જેઓ રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનો. વિભાગના ગુજકોષ્ટ પ્રભાગમાં પ્રોજેક્ટ આસિ. તરીકે ફરજો બજાવે છે તેમને આજે વિજ્ઞાન દિનની ઉજવણી નિમિત્તે ભારતીય વૈજ્ઞાનિક ડો. સી.વી. રામનના પેન્સીલ સ્કેચ સાથે એક સરસ પોષ્ટકાર્ડ તૈયાર કર્યું છે. જેમાં તેમના જીવન વિશેની સંક્ષિપ્ત નોંધ પણ દર્શાવી છે તેની તસ્વીર.

ગ-માર્ગ પર ખુલ્લી ચેમ્બરો જોખમી બનવાની દહેશત

ચેમ્બરો કોર્નર કરવાનું કામ ઠપ્પ થતા છેલ્લા મહીનાથી જોખમી સ્થિતિ તંત્રકક્ષાએથી પણ પગલાં લેવાતા નથી

ગાંધીનગર, તા. ૨૭

શહેરના ગ-માર્ગ પર છેલ્લા એક મહીનાથી ખુલ્લી સ્ટોર્મ વોટર લાઈન રાહદારીઓ માટે મોતના કૂવા સમાન ભાસતી રહી છે. સ્ટોર્મ વોટરલાઈનને માર્ગ વચાળેથી કોર્નર કરવા હાથ ધરાયેલ કામગીરી ઠપ્પ થઈ જતા ગ-માર્ગના પ્રવેશદ્વારે જ ભયજનક સ્થિતિ સર્જાઈ છે. માર્ગ વચાળે ખોદાયેલી લાઈનના લીધે ખુલ્લી ચેમ્બરો ગમે ત્યારે જાનલેવા અકસ્માત સર્જે તેવી દહેશત છે.

શહેરના ગ-માર્ગ પર સ્થિત સ્ટોર્મ વોટરની ચેમ્બરોની સમસ્યાનો હજુ નિકાલ થયો નથી. અગાઉ માર્ગ વચાળે લાઈનની ચેમ્બરો ખડકી દેવાયા બાદ વારંવાર અકસ્માતો થતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી હતી. માર્ગ પરથી પસાર થતા ત્યારે વાહનોના લીધે ચેમ્બરોના ઢાંકણ તુટી જતા માર્ગ વચાળે સ્થિત આ ચેમ્બરો ખુલ્લી થઈ જતી હતી. છાશવારે આ સ્થિતિ સર્જાતા સ્થાનિક રહેવાસીઓ દ્વારા આ ચેમ્બરો ખસેડવા અગાઉ ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. ગ-માર્ગ પર સર્જાયેલી ભયજનક સ્થિતિ નિવારવા તંત્ર દ્વારા માર્ગ પર સ્થિત તમામ ચેમ્બરો કોર્નરમાં ખસેડવા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ-૦થી ગ-૭ વચ્ચેના માર્ગ પર તમામ ચેમ્બરોને ફૂટપાથ નજીક ખસેડવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. પરંતુ છેલ્લા એક મહીનાના અંતે પણ આ કામગીરીમાં કોઈ પ્રગતિ થઈ નથી. એસ.જી.હાઈવેથી ગ-માર્ગ પર પ્રવેશતા જ હાલ મોટાભાગની ચેમ્બરો ખુલ્લી અને ભયજનક સ્થિતિમાં હોવાથી ગમે ત્યારે જાનલેવા અકસ્માત થાય તેવી દહેશત છે. ખુલ્લી ચેમ્બરોના લીધે માર્ગ પણ સાંકડો થઈ ગયો છે. તંત્રની કામગીરી પણ ઠપ્પ થઈ જતા સ્થાનિક રહીશોમાં આક્રોશ પ્રવર્ત્યો છે.

SBI તથા અન્ય બેંકોની PO તથા CLERK ની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરો
તા. 03-03-2013 રવિવાર
99256 98721
વિવેકાનંદ એકેડમી

શ્રી પદ્મીની ગણેશયંત્ર માલા પીઠ
ક્રિસ્ટલ દ્વારા આપના જીવનનાં મુંઝવતા પ્રશ્નોનું અરેબીયન એસ્ટ્રોલોજીથી કાયમી નિરાકરણ
જૈન પદ્ધતિ દ્વારા બનાવેલા શ્રીયંત્ર, સૂર્ય શ્રીયંત્ર, ગુરૂ શ્રીયંત્ર, શુક્ર શ્રીયંત્ર
જૈન પદ્ધતિ દ્વારા પૂજન થયેલા ગણેશ યંત્ર, વેપાર યંત્ર, અજાતશત્રુ યંત્ર, **ભક્તામ્બર યંત્ર**
ભણતા બાળકો માટે પરીક્ષામાં ઉત્તમ પરિણામ આપતું **સરસ્વતી યંત્ર**
બહેનો માટે ખાસ અલગ વ્યવસ્થા
જ્યોતિષ દીદી
મો. ૯૮૭૯૧૫૨૧૫૩ ● ૮૮૬૬૫૬૩૧૨૬ ● ફોન : ૨૩૨૨૦૦૧૧ (ઓ)
સેક્ટર-૨૧, ગાંધીનગર

SANGHI CEMENT · KISAN · BENELAVE · H.FIXIT · TMT BARS - ISI · TATA STEEL • PIPES • SHEETS · SANGHI STEEL - ISI · ashirvad C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

બેસણું

અમારા માતૃશ્રી **કમળાબા રજુભા રાણા**નું તારીખ ૨૩/૨/૨૦૧૩ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું તથા સુંવાળા તા. ૧/૩/૨૦૧૩ને શુક્રવાર**ના રોજ રાખેલ છે.

સ્થળ : મુ. પો. ધણપ, તા.જી. ગાંધીનગર. મો. : ૯૬૩૮૯૬૨૫૫૯

લિ.

રાણા અરવિંદસિંહ રજુભા	રાણા દિલીપસિંહ રજુભા
રાણા ઘનશ્યામસિંહ રજુભા	રાણા સુરેન્દ્રસિંહ રજુભા
રાણા સૂર્યવીરસિંહ દિલીપસિંહ	રાણા મહાવીરસિંહ દિલીપસિંહ
રાણા સિદ્ધરાજસિંહ સુરેન્દ્રસિંહ	રાણા શૈલરાજસિંહ અરવિંદસિંહ
રાણા રાહુલસિંહ ઘનશ્યામસિંહ	રાણા વિરપાલસિંહ સુરેન્દ્રસિંહ

નોંધ : કાંણ - મોકાણ બંધ છે

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com